**// આંક-૦૧(ચાર્જશીટ) નીચે હુકમ //**

(૧) આ કામે કેસનું રેકર્ડ ધ્યાને લેવામાં આવેલ છે તેમજ કાયદાકીય જોગવાઈ પણ ધ્યાને લીધેલ છે. ત.ક. અમલદારે આ કામના આરોપી વિરૂધ્ધ જી.પી.એક્ટ કલમ-૧૨૪ મુજબના ગુન્હાનુ ચાર્જશીટ અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે. હાલનો કેસ સમન્સ ટ્રાયલથી ચાલવાપાત્ર કેસ છે, તેમજ પોલીસ ફરીયાદ પરથી દાખલ થયેલ છે. વધુમાં કેસનુ પ્રોસીડીંગ્સ જોતાં આ કામના આરોપીને અનેક વખત પ્રોસેસ કાઢવા છતાં અને પુરતી તક આપવા છતાં પોલીસ પ્રોસેસની અસરકારક બજવણી કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેના કારણે કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચાલી શકતી નથી. વધુમાં ફરીયાદપક્ષ તરફથી તપાસ કરનાર અમલદારે ચાર્જશીટ દાખલ કર્યા બાદ અત્રેની કોર્ટમાં હાજર રહી કોઈ કાર્યવાહી કરેલાનું જણાઈ આવતું નથી. આમ, પોલીસ આરોપીને હાજર રાખવામાં સફળ નિવડેલ નથી, જેના કારણે ન્યાયની પ્રક્રિયામાં વિલંબ થાય છે. વધુમાં રેકર્ડ ધ્યાને લેતાં આરોપી નજીકના ભવિષ્યમાં મળી આવે તેવી શક્યતા જણાઈ આવતી નથી. વધુમાં આ કામે પોલીસે, આ કામના આરોપીને પ્રોસેસની બજવણી ન થવા બાબતે સોગંદનામુ પણ રજુ કરેલ છે. આમ ઉપરોક્ત તમામ સંજોગો જોતાં આ કેસ પેન્ડીંગ રાખવામાં કોર્ટનો અને સ્ટેટના અધિકારીઓનો કિંમતી સમય બગડે છે. વધુમાં આ સંબંધે નામદાર ગુજરાત હાઈકોર્ટનો પત્ર નં. જી. એસ. એલ. એસ. એ./૨૨૧૭/૨૦૧૬, તા.-૦ -૧૭ તથા પત્ર નં. જી. એસ. એલ. એસ. એ./૨૩/૨૦૧, તા. -૦ -૧૭ વંચાણે લીધો. તેમજ આ કામે ઉપરોકત હકીકતો સંદર્ભે નીચે મુજબના ચુકાદા ધ્યાને લીધા.

*(૧) નામદાર સુપ્રિમ કોર્ટના એ.આઈ.આર., ૧૯૯૬,*
*પાન નં.૧૬૧૯, પેરા-૨, ઈ.એફ. "કોમન કોઝ વિરૂધ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા.*

*(૨) ૧૯૯૭ (૩) જી.એલ.આર. ૧૯૪૬*
*સ્ટેટ ઓફ ગુજરાત વિ. ગોરધનભાઈ ચંદુભાઈ પટેલ*

*(૩) ૨૦૦૨(૨) જી.એલ.આર. ૧૫૪૯*
*પી.આર. રાવ વિ. સ્ટેટ ઓફ કર્ણાટક*

(૨) વધુમાં આ કામે ક્રિ.પ્રો.કોડની કલમ-૨૫૮ ધ્યાને લેતાં જે નીચે મુજબ છે.

258. **Power to stop proceedings in certain cases** :-

In any summons case instituted otherwise than upon complaint, a Magistrate of the First Class or, with the previous sanction of the Chief Judicial Magistrate, any other judicial Magistrate, may, for reasons to be recorded by him, stop the proceedings at any stage without pronouncing any judgment and where such stoppage of proceedings is made after the evidence of the principal witnesses has

been recorded, pronounce a judgment of acquittal, and in any other case, release the accused, and such release shall have the effect of discharge.

(૩) વધુમાં તાજેતરમાં નામ. ***કેરાલા હાઈકોર્ટની ડીવીજન બેંચે તા.૦૫/૧૨/૨૦૨૩ ના રોજ આપેલ O.P.(CRL.) No.809 of 2023, SUO MOTU Vs. STATE OF KERALA*** ના ચુકાદમાં સી.આર.પી.સી. કલમ–૨૫૮ બાબતે પૅરેગ્રાફ નં.૯ માં પ્રેકટીશ ડાયરેકશન આપેલ છે, જેને આ તબક્કે ધ્યાને લેવા જરૂરી છે, જે નીચે મુજબ છે.

9. Taking note of the fact that the provisions of Section 258 apply not only to petty offences but also to other summons-cases instituted otherwise than upon a complaint, we feel that the practice direction issued to the Magistrates should instruct them as follows:

i. In the case of petty offences where the prosecution files a report stating unambiguously that despite its best efforts at locating the accused, it has not been successful in securing the presence of the accused before the Magistrate, the Magistrate concerned shall scrutinise the report submitted by the prosecution to satisfy himself/ herself of the fact that reasonably sufficient steps have been taken by the prosecution to ensure the presence of the accused **or** that the costs of ensuring the appearance of such accused far exceed the maximum fine that is prescribed under the Statute for the offence concerned. In the event of the Magistrate being satisfied of **either of** the aspects mentioned above, then it would be permissible for the Magistrate to record an order of stoppage of proceedings in accordance with Section 258 of the Cr.P.C.

ii. In the case of those summons-cases instituted otherwise than upon a complaint, which do not qualify as petty offences, where the prosecution files a report stating unambiguously that despite its best efforts at locating the accused, it has not been successful in securing the presence of the accused before the Magistrate, the Magistrate concerned shall scrutinise the report submitted by the prosecution to satisfy himself/herself of the fact that reasonably sufficient steps have been taken by the prosecution to ensure the presence of the accused and that the costs of ensuring the appearance of such accused far

exceed the maximum fine that is prescribed under the Statute for the offence concerned. In the event of the Magistrate being satisfied of both of the aspects mentioned above, then it would be permissible for the Magistrate to record an order of stoppage of proceedings in accordance with Section 258 of the Cr.P.C.

iii. By way of abundant caution, we may clarify that we have dealt only with a situation where the prosecution expresses its inability to secure the presence of an accused in a summons–case before the Magistrate concerned and not any other situation in which the provisions of Section 258 of the Cr.P.C. may come into play.

(૪) આમ, ઉપરોકત પત્ર અને ઉપરોક્ત જણાવેલ ચુકાદાઓમાં ઠરાવેલા સિધ્ધાંતો અને સદર કલમમાં આપેલ આદેશો ધ્યાને રાખી ક્રિ.પ્રો. કોડની કલમ–૨૫૮ અન્વયે આ કેસનું આગળનું પ્રોસીડીંગ્સ સ્ટોપ કરી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## // હુ ક મ //

- ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૮ અન્વયે હાલની કેસની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે અને આ કામે આરોપીને બિન તહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
-
- આ કામે કબજે લીધેલ મુદ્દામાલ રોકડ રકમ અપીલ સમય બાદ નિયમોનુસાર સરકાર ખાલસા કરવી તથા તે સિવાય સદર કામે કબજે લીધેલ મોબાઈલ/વાહન/સોના–ચાંદીના દાગીના તથા અન્ય કિંમતી મુદ્દામાલ અંગે જો વચગાળાનો કોઈ હુકમ કરવામાં આવેલો હોય તો તે હુકમ આથી કાયમ રાખવામાં આવે છે અને જો સદર મુદ્દામાલ અંગે વચગાળાનો કોઈ હુકમ કરવામાં આવેલો ન હોય અને અપીલ સમય દરમ્યાન જો કોઈ કલેઈમ કરે તો સદર મુદ્દામાલ મોબાઈલ/વાહન/સોના–ચાંદીના દાગીના ની તથા અન્ય કિંમતી મુદ્દામાલની માલિકી અંગે ખરાઈ કરીને માલિકી અંગે નો જરૂરી આધાર પુરાવો લઈને જે તે મુળ માલિકને પરત સોંપી આપવો અને જો સદર મુદ્દામાલ મોબાઈલ/વાહન/સોના ચાંદીના દાગીના તથા અન્ય કિંમતી મુદ્દામાલના મુળમાલિક મળી આવે તેમ ન હોય તો અપીલ સમય ઉપરાંત બે માસ વિત્યેથી સદર મુદ્દામાલની નિયમોનુસાર જાહેર હરાજી કરીને તેની ઉપજેલી રકમ સરકાર ખાલસા કરવી તેમજ તે સિવાયના અન્ય મુદ્દામાલનો અપીલ સમય બાદ નિયમોનુસાર નાશ કરવો.

- ભવિષ્યમાં આરોપીને ફરીયાદપક્ષ રજુ કરે કે આરોપી સામેથી હાજર થાય તો સદરહુ કેસની કાર્યવાહી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૦૦(૫) મુજબ શરૂ કરવાના ફરીયાદપક્ષના હકકને આ હુકમથી કોઈ બાધ રહેશે નહી અને તેવા કિસ્સામાં આ કોર્ટે કાર્યવાહી શરૂ કરવાની પરવાનગી આપેલ છે તેમ ગણાશે.

- **આ હુકમ આજરોજ તા.૧૪મી માહે સપ્ટેમ્બર સને ૨૦૨૪ના રોજ ખુલ્લી અદાલતમાં લખી, વાંચી, સંભળાવી સ્પેશ્યલ સીટીંગમાં જાહેર કર્યો.**

તા.૧૪/૦૯/૨૦૨૪
સુરત.

**(અમીત રમેશચંદ્ર ત્રિવેદી)**
જયુડી. મેજીસ્ટ્રેટ ફસ્ટ ક્લાસ,સુરત
જજ કોડ નં. જીજે ૦૧૩૬૬